

આપત્તિને રોકવી એ આપણા હાથની વાત નથી, પરંતુ જ્ઞાનથી સજ્જ થઈ પોતાને,પ્રિયજનોને તથા દેશને મદદરૂપ થવા સક્ષમ થવું એ ચોક્કસ પણે આપણા હાથ ની વાત છે. આજ વાતને ધ્યાનમાં રાખતા વિશ્વકર્મા સરકારી ઈજનેરી કૉલેજમાં એન.એસ.એસ. દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ વીષય પર એક્સપર્ટ ટૉક આયોજિત કરાઈ હતી. ડો. સુરેશ એન્જીનીયરે ડીઝાસ્ટર મેનેજમેન્ટના પ્રકાર, અસર અને ઉપાય વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. લગભગ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# જીઆઈપીએસમાં યોજાઈ દેશભક્તિ ગીતોની સ્પર્ધા



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં દેશભક્તિ ગીતની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ધોરણ-૧થી૧૨ ના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર શાળાનું વાતાવરણ જાણે દેશભક્તિથી તરબોળ થઈ ગયું હતું. ઉત્તમ ત્રણ પ્રસ્તુતકર્તા વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આચાર્ય દ્વારા આ ઉપક્રમની પ્રશંસા કરી શિક્ષકો, વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## જન્મદિને વધામણી



રમણલાલ શાંતિલાલ ઠક્કર
પૂર્વ મંત્રી
જલારામ સેવા સમાજ
ફોન : ૨૩૨૨૯૭૦૨



કાન્તિલાલ
શકરાલાલ નાયી
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩



જતીશ ટાતરીયા
મો. ૯૮૨૪૦ ૪૧૭૧૨



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન દ્વારા યુવા સશક્તિકરણ અને કારકિર્દી વિષયક વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. અસ્તિત્વ ફાઉન્ડેશનના ટ્રેનર પંકજભાઈ આ વર્કશૉપમાં નિષ્ણાત તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવા માં આવ્યું હતું. ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરાયું હતું.

વર્કશોપ ને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સમિતિના હેડ ડૉ. જયેશ તન્ના અને ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સક્રિય સહયોગ આપવામાં આવ્યો હતો.

# કેએસવી ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ ઈન્ટર્નશીપમાં જોડાયા



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એસ એસ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર એચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીએડ કૉલેજ, ગાંધીનગરના તાલીમાર્થીઓ તાજેતરમાં ઈન્ટર્નશીપ કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યક્રમ દરમિયાન તેમણે વિવિધ શાળાઓમાં અધ્યાપન કાર્ય, નિરીક્ષણ કાર્ય કર્યું હતું અને શાળાના વિવિધ ડૉક્યુમૅન્ટ્સની માહિતી મેળવી હતી. અધ્યાપકો પણ વિદ્યાર્થીઓના મૂલ્યાંકન અર્થે તેમની સાથે આ ઉપક્રમમાં જોડાયા હતા.

# ગુજરાત બીએસએફ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ





બીએસએફ ગુજરાત મુખ્યાલય ખાતે શનિવારે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બીડબલ્યુડબલ્યુએનાં અધ્યક્ષ સવિતા મલિક દ્વારા આ કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો, જેમાં અધિકારીઓ ઉપરાંત જવાનોના પરિવારજનોએ પણ ભાગ લીધો હતો. બીએસએફ ગાંધીનગરના આઈજી જી એસ મલિકે આ સમાજોપયોગી કાર્યક્રમની સફળતા બદલ જવાનો અને તેમના પરિવારજનોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# શું આપણી ગુજરાતી ભાષા લુપ્ત થવાના આરે છે ?

**માતૃભાષા-ચિંતન**

**હર્ષદ પ્ર. શાહ**

'દેશી ભાષાઓનું ભારતમાં કોઈ ભવિષ્ય નથી...' એવા ઉદ્‌ગારો કેરળની પૂર્ણા નદીને તીરે વસેલા આલુવે નગરમાં સન ૧૯૯૪માં તા. ૧૬થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન 'સુરભિ' નામક સંસ્થા દ્વારા આયોજિત 'માનસોત્સવ'માં ભારતની બાવીસ ભાષાઓના લગભગ બસો જેટલા સાહિત્યકારો અને અન્ય પ્રબુદ્ધ શ્રોતાઓની હાજરીમાં ત્રણ દિવસ સુધી ભિન્ન ભિન્ન ભારતીય ભાષાઓના સાહિત્યની ગતિવિધિની ગોષ્ઠિઓ ચાલ્યા પછી સાહિત્ય અકાદમી અને આ 'માનસોત્સવ'ના અધ્યક્ષ 'સંસ્કાર' નવલકથાથી પ્રસિદ્ધ કન્નડા લેખક શ્રી અનંતમૂર્તિએ કર્યા હતા.

સ્વતંત્રતા-પ્રાપ્તિ પછી પણ આપણા દેશમાં સત્તાભાષા તરીકે અંગ્રેજીના વધતા જતા ઉપયોગ સાથે દેશમાં ઉન્મત્ત વેગથી વધતી જતી અંગ્રેજી માધ્યમની શાળાઓને અનુલક્ષીને એમનું આ નિરીક્ષણ હતું. એ શાળાઓમાં ભણતાં બાળકો પોતાની માતૃભાષા પણ સરખી રીતે શીખતાં નથી. એથી આ બાળકોની સ્મૃતિમાંથી એમની માતૃભાષા ધીરે ધીરે લુપ્ત થતીજાય છે. એ રીતે ૨૫ વર્ષ પહેલાં શ્રી અનંતમૂર્તિએ કરેલી આ ભવિષ્યવાણી છેક નિરાધાર નથી.

વળી જો વિદેશી ભાષાનું શાસન પ્રશાસન પર ચાલતું હોય તો આપણીભારતીય ભાષાઓ સ્વાભાવિક રીતે જ જોખમમાં આવે. જેમ માનવશરીરનું કોઈ અંગ ઓછું વપરાય કે ન વપરાય તો એ પોતાનું ચેતન ગુમાવે છે, એ જ રીતે જો ભાષા વ્યવહાર-ભાષા ન બને તો એ નિષ્પ્રાણ બની શકે છે. ક્યારેક સમજાતું નથી કે આપણે ભાષી શીખવી છે કે પરભાષાની આંગળીએ આવતો વ્યવહાર શીખવો છે. આપણે જ આપણા પગ પર કુહાડી મારીએ છીએ. તુલસીદાસની જેમ આપણે જે ડાળીએ બેઠા છીએ એ જ ડાળીને કાપી રહ્યા છીએ.

જો કે ભોળાભાઈ પટેલ એમના પુસ્તક 'મળી માતૃભાષા મને ગુજરાતી'માં એમના પ્રાસ્તાવિક નવેદનમાં લખે છે, 'ખરું કહું તો શ્રી અનંતમૂર્તિનું વિધાન સાંભળ્યા પછી ઘણી વાર ગુજરાતીના ભવિષ્ય વિશે વિચાર આવી જાય છે, પણ નરસિંહ મહેતાનાં પદો સાંભળતાં હંમેશાં એવું થયું છે કે જેને આવો સંજીવની સ્પર્શ થયેલો છે, એ ભાષાની ચિંતા કરનાર આપણે કોણ ? જે ભાષામાં ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'ની રચના કરી છે અને જે ભાષામાં મહાત્મા ગાંધીએ પોતાની આત્મકથા લખી છે, તે ભાષા ગૌરવ સાથે ચિરંજીવ રહેવાની છે અને એ રીતે આપણા મનમાં એવો ધન્યતાભાવ રહે કે -

મળી માતૃભાષા મને ગુજરાતી.'

પ્રસિદ્ધ ભાષાશાસ્ત્રી એન્ડ્ર્યુ ડેલીએ સન ૨૦૦૩માં એક પુસ્તક પ્રકાશિત કર્યું છે : ' લેંગ્વેજ ઈન ડેન્જર.' એમાં માનવીય સભ્યતાનેત સાથે જુદા-જુદા સમયે જન્મેલી ભાષાઓની બાબતમાં પણ વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે. એન્ડ્ર્યુ લખે છે કે, દુનિયાના વિકાસ અને પ્રગતિની ગાથા તો ભાષાઓના માધ્યમથી જાણી શકાય છે, પરંતુ ભાષાનાં જન્મ અને મૃત્યુ બંનેની ગાથા જ્યારે એણે પોતે જ કહેવાની હોય તો કેવું વિચિત્ર લાગે ? એમનું કહેવું છે કે વિશ્વમાં જુદાં જુદાં કારણોથી કેટલીક ભાષાઓનો એકાધિકાર સ્થપાઈ રહ્યો છે. તેથી અન્ય ભાષાઓનો ઉપયોગ ન થવાને કારણે લોકો એ ભાષા લખવા-ભણવામાં રસ નથી લેતા. છેવટે એક દિવસ એવો આવે છે જ્યારે એ ભાષા કરમાઈ જઈને અંધકારની ઊંડી ખાઈમાં વિલીન થઈ જાય છે. તેથી આપણી ભાષાને બચાવવી અનિવાર્ય છે, કારણ કે બીજી ભાષાઓમાં આપણે ગમે તેટલા નિપુણ હોઈએ પણ તે આપણી સભ્યતા અને સંસ્કૃતિનું રક્ષણક રી શકતી નથી. આપણી મૌલિકતા ટકાવા રાખવી હશે તો આપણે આપણી જ ભાષા શીખવી પડશે.

લેખકનું એવું અનુમાન છે કે ૨૧મી સદીના અંત સુધીમાં વિશ્વની લગભગ ૨૫૦૦ ભાષાઓ મરી પરવારશે. આ મામલામાં ભાષાનો સૌથી મોટો દુશ્મન વૈશ્વિકરણની પ્રક્રિયા છે. 'આખી દુનિયા એક થઈ જાય...' એ વિચારમાત્ર એક જ ભાષાને જીવિત રાખવાની આકાંક્ષામાંથી જન્મ્યો છે. જ્યારે ભાષા એક હશે ત્યારે તેના જ વિચાર અને તેની જ સંસ્કૃતિ એ ભૂપ્રદેશમાં લાદી દેવામાં આવશે. આનો અર્થ એ કે પછી આજની જેન મ તો જુદા જુદા પંથ હશે કે ન દર્શન. આખી દુનિયા એક જ પ્રકારના તહેવાર અને સમાન રીત-રિવાજોની ગુલામ હશે. એટલા માટે એ અત્યંત આવશ્યક બન્યું કે આ શક્તિ પોતાની ભાષા બળજબરીથી બીજાની ઉપર લાદી શકે તે માટે વૈશ્વિકરણની સલાહ આપવામાં આવી રહી છે, જેથી દુનિયામાં ચીજ-વસ્તુઓના વ્યાપાર સુધી વૈશ્વિકરણ મર્યાદિત ન રહે અને સંસ્કૃતિઓ ઉપર પણ પોતાનો પ્રભાવ પાથરી શકે. આ પ્રકારના વૈશ્વિકરણનું કામ તો દુનિયાના પ્રત્યેક દેશની પોતાની મૌલિક ઓળખને નષ્ટ જ કરી દેવાનું છે.

મોટી શક્તિઓ એવા પ્રચારમાં લાગેલી છે કે નાની નાની ભાષાઓના સ્થાન પર મોટી ભાષાઓનો જ ઉપયોગ કરવો જોઈએ. અર્થાત જનસંખ્યાના પ્રમાણમાં જે ભાષા વધુ બોલાતી હોય તેનો ઉપયોગ કરવો. એટલા માટે અનેકવિધ માર્ગોથી રાક્ષસી શક્તિઓ અંગ્રેજીને વિશ્વભાષા બનાવવા માટે કૃતસંકલ્પ છે.

અત્યારે દુનિયાના એક અબજ વીસ કરોડ જેટલા લોકો અંગ્રેજીનો ઉપયોગ કરી રહ્યા છે. અંગ્રેજી સમર્થક વિજ્ઞાન અને વૈશ્વિકરણના નામે આ શક્તિઓ દુનિયા આખીને અંગ્રેજીના રંગે રંગી દેવા ઈચ્છે છે. જ્યાં જ્યાં અંગ્રેજોનું આધિપત્ય સ્થપાયું ત્યાં ત્યાં અંગ્રેજી ભાષા પણ પ્રસ્થાપિત થઈ. પોતાની ભાષાને એમણે એટલી ગરિમા બક્ષી કે તે ભૂપ્રદેશમાં વસતો પ્રત્યેક માણસ અંગ્રેજી શીખવા પાછળ ઘેલો થયો. તેને એવું લાગવા માંડ્યું કે અંગ્રેજી તો પ્રગતિ અને સન્માનની ચાવી છે. જ્યારે આ દેશો સ્વતંત્ર થઈને પોતાનું અલગ અસ્તિત્વ બનાવવાનો પ્રયાસ કરવા લાગ્યા ત્યારે મોટા ભાગના દેશો 'વૈશ્વિકીકરણ'ની માયાજાળમાં ફસાઈ ચૂક્યા હતા અને અંગ્રેજી ભાષાનો મોહ છોડી ન શક્યા. આમાં ઈઝરાયેલ અપવાદ હતું. તેનું ભાષાભિમાન જાગી ચૂક્યું હતું અને આકરા સંજોગોમાં પણ તે પોતાની ભાષા હિબ્રૂને ધબકતી કરીને જ રહ્યું. કમનસીબે ભારત એવું ન કરી શક્યું, જેની માઠી અસરો આપણે સ્વતંત્રતાનાં ૭૨ વર્ષો પછી પણ ભોગવી રહ્યા છીએ.

અમેરિકા અને ઈંગ્લેન્ડ જેવા દેશો આંતરરાષ્ટ્રીય વ્યાપારના નામે અનેક દેશોમાં પોતાની બહુરાષ્ટ્રીય કંપનીઓ સ્થાપી ચૂક્યા છે. આ કંપનીઓ ખાદ્ય ચીજ-વસ્તુઓ અને પ્રસાધન સામગ્રીઓમાં આપણી સંસ્કૃતિને ન છાજે, ન ખપે એવા પદાર્થોનો ઉપયોગ કરી આપણને સાંસ્કૃતિક અને ધાર્મિક રીતે સતત ભ્રષ્ટ કરે છે અને આકર્ષક સ્વરૂપે માલ-સામાનને બજારમાં મૂકી પ્રજાને વિદેશી વસ્તુઓ ખરીદવા લલચાવે છે, જે પ્રજાની 'સ્વદેશી'ની ભાવનાનો હ્રાસ કરે છે એટલું જ નહીં આપણા અર્થતંત્રને પણ ભયંકર હાનિ પહોંચાડે છે. આમ વિદેશી વિચાર, વિદેશી ભાવના અને વિદેશી માલ દ્વારા આ દેશો અકાધિકાર સ્થાપિત કરવામાં સફળ થઈ રહ્યા છે. પ ણ આ બાબતની ગંભીરતાને ચીન, જાપાન, જર્મની, ફ્રાંસ, ઈઝરાયેલ અને યુરોપના કેટલાય દેશો બરાબર સમજી ચૂક્યા છે. તેઓ કોઈ પણ સંજોગોમાં પોતાની ભાષા છોડવા તૈયાર નથી. ડોલરને મહાત કરવા માટે 'યુરો' ચલણને અપનાવનારા દેશો અંગ્રેજી ભાષાની પરેજી પાળી રહ્યા છે.

દુર્ભાગ્ય આપણું એ છે કે આ એક ભયંકર રોગ છે અને એ માટે પરેજી પાળવી અનિવાર્ય છે એ ભારતને સમજાતું નથી !

પ્રતિભાવ આવકાર્ય - matrubhasha.gaurav@gmail.com

# ખરી કેળવણી

**ગાંધીયાત્રા**

'સત્યાગ્રહના ઈતિહાસ'માં જે વસ્તુ નથી આવી શકી અથવા થોડા જ અંશમાં આવી છે તે જ વસ્તુ આ પ્રકરણોનો અરસપરસનો સંબંધ સમજી શકશે.

ટોલ્સ્ટોય આશ્રમમાં બાળકો તેમ જ બળાઓને સારુ કંઈક શિક્ષણનો પ્રબંધ આવશ્યક હતો. મારી સાથે હિદુ, મુસલમાન, પારસી અને ખ્રિસ્તી નવયુવકો હતા, અને થોડી હિદુ બાળાઓ પણ હતી. ખાસ શિક્ષકો રાખવા અશકય હતું. અને મને અનાવશ્યક લાગેલું. અશકય હતું કેમ કે યોગ્ય હિદી શિક્ષકોની અછત હતી, અને મળે તોયે મોટા પગાર વિના ડરબનથી(૧) ૨૧ માઈલ દૂર કોણ આવે ? મારી પાસે પૈસાની છોળ નહોતી. બહારથી શિક્ષક લાવવા અનાવશ્યક માન્યું, કેમ કે ચાલુ કેળવણીની પધ્દ્રતિ મને પસંદ નહોતી. ખરી પધ્દ્રતિ શી છે તેનો મેં અનુભવ નહોતો મેળવી જોયો. એટલું સમજતો હતો કે, આદર્શ સ્થિતિમાં ખરી કેળવણી તો માબાપની નીચે જ હોય. આદર્શ સ્થિતિમાં બાહ્ય મદદ ઓછામાં ઓછી હોવી જોઈએ. ટોલ્સ્ટોય આશ્રમ એક કુટુંબ છે અને તેમાં પિતારૂપે હું છું, એટલે મારે એ નવયુવકોના ઘડતરની જવાબદારી યથાશક્તિ ખેડવી જોઈએ એમ ધાર્યું.

આ કલ્પનામાં ઘણા દોષો તો હતા જ. નવયુવકો મારી પાસે જન્મથી નહોતા. બધા જુદાં જુદાં વાતાવરણોમાં ઊછર્યા હતા. બધા એક જ ધર્મના પણ નહોતા. અવી સ્થિતિમાં રહેલ બાળકો અને બાળાઓને હું પિતા બનીને પણ કેમ ન્યાય આપી શકું?

પણ મેં હદયની કેળવણીને એટલે ચારિત્ર ખીલવવાને હમેશાં પ્રથમ પદ આપ્યું છે. પરિચય ગમે તે વયે અને ગમે તેટલી જાતનાં વાતાવરણોમાં ઊછરેલાં બાળકો અને બાળાઓને ઓછાવતા પ્રમાણમાં આપી શકાય, એમ વિચારી આ બાળકો ને બાળાઓની સાથે હું રાત અને દિવસ પિતારૂપે રહેતો હતો. ચારિત્રને મેં તેમની કેળવણીના પાયારૂપે માન્યું. પાયો પાકો થાય તો બીજું બળકો અવકાશ મળ્યે મદદ લયને કે આપબળે મેળવી લે.

છતાં અક્ષરજ્ઞાન થોડુંઘણું પણ આપવું તો જોઈએ જ એમ હું સમજતો હતો, તેથી વર્ગો કાઢયા, ને તેમાં મિ. કેલનબેકની અને પ્રાગજી દેસાઈની મદદ લીધી.

શારીરિક કેળવણીની આવશ્યકતા સમજતો હતો. તે કેળવણી તેમને સહેજે મળી રહી હતી.

આશ્રમમાં નોકરો તો નહોતા જ. પાયખાનાથી માંડીને રસોઈ સુધીનાં બધાં કામો આશ્રમવાસીઓને જ કરવાનાં હતાં. ફળઝાડો પુષ્કળ હતાં. નવું વાવેતર કરવાનું જ હતું. મિ. કૅલનબૅકને ખેતીનો શોખ હતો, પોતે સરકારી આદર્શ વાડીઓમાં થોડો વખત શીખી આવ્યા હતા. રોજ અમુક સમય નાનામોટા બધા જે રસોડાના કામમાં ન રોકાયા હોય તેમને બગીચામાં કામ કરવું જ પડતું. આમાં બાળકોનો મોટો હિસ્સો હતો. મોટા ખાડા ખોદવા, ઝાડો કાપવાં, બોજા ઊંચકી જવા,વગેરે કામમાં તેમનાં શરીર સારી પેઠે કસાતાં. તેમા તેમને આનંદ આવતો, ને તેથી બીજી કસરતની કે રમતની તેમને જરૂર નહોતી રહેતી. કામ કરવામાં કેટલાક અથવા કોઈ વાર બધા વિદ્યાર્થીઓ નખરાં કરતા. આળસ કરતા. ઘણી વેળા આની સામે હું આંખ મીંચતો. કેટલીક વેળા તેમની પાસેથી સખતીથી કામ લેતો. જ્યારે સખતી કરતો ત્યારે તેઓ કંટાળતા એમ પણ હું જોતો. છતાં સખતીનો વિરોધ બાળકોએ કર્યો હોય એવું મને યાદ નથી. જ્યારે જ્યારે સખતી કરતો ત્યારે ત્યારે તેમને સમજાવતો અને તેમની પાસે જ કબૂલ કરાવતો કે કામની વખતે રમત એ સારી ટેવ ન ગણાય. તેઓ તે ક્ષણે સમજે, બીજી ક્ષણે ભૂલે, એમ ગાડું ચાલતું. પણ તેમનાં શરીર ઘડાયે જતાં હતાં.

આશ્રમમાં માંદગી ભાગ્યે જ આવતી. તેમાં હવાપાણીનો અને સારા ને નિયમિત ખોરાકનો પણ મોટો હિસ્સો હતો એ કહેવું જોઈએ. શારીરિક કેળવણીના સંબંધમાં જ શારીરિક ધંધાની કેળવણી ગણાવી જાઉં. સહુને કંઈક ઉપયોગી ધંધો શીખવવો એ ઈરાદો હતો. તેથી મિ. કૅલનબૅક ટ્રેપિસ્ટ મઠમાં ચંપલ બનાવવાનું શીખી આવ્યા. તેમની પાસેથી હું શીખ્યો, ને મેં જે બાળકો એ ધંધો શીખવા તૈયાર થયા તેમને શીખવ્યો. મિ. કૅલનબૅકને સુતારકામનો થોડો અનુભવ હતો, અને આશ્રમમાં સુતારકામ જાણનાર એક સાથી હતો, તેથી તે કામ પન થોડે અંશે શીખવવામાં આવતું. રસોઈ તો લગભગ બધાં બાળકો શીખી ગયાં.

આ બધાં કામો બાળકોને સારુ નવાં હતાં. તેમનાં તો સ્વપ્નાંમાંયે આવાં કામો શીખવાનું નહીં હોય. જે કંઈ કેળવણી હિદી બાળકો દક્ષિણ આફ્રિકામાં પામતાં તે કેવળ પ્રાથમિક અક્ષરજ્ઞાનની જ હતી. ટૉલ્સ્ટૉય આશ્રમમાં પ્રથમથી જ રિવાજ પાડયો હતો કે, જે કામ અમે શિક્ષકો ન કરીએ તે બળકોની પાસે ન કરાવવું, ને હમેશાં તેમની સાથે સાથે એ જ કામ કરનાર એક શિક્ષક હોય. એટલે બાળકો હોંશથી શીખ્યાં.

**'સત્યના પ્રયોગો'માંથી સાભાર**